# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૧૦/૨૦૨૬ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૪૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૧૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૧૪૫૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૪૫૩/૨૦૨૬**

**સાબરમતીઃ** ન્યુ રાણીપ નિશાન પ્રાઈડની સામે એસ.વી.સ્ક્વેર ખાતે પ્રણિલ એજ્યુકેશન સર્વિસ એલ.એલ.પી. નામની ઓફીસ ધરાવી વિદેશ જવા માટે વર્ક પરમીટ તેમજ પી.આર.કરી આપવાનું કામ કરતા સંચાલક (૧) અરવિંદ સુનિલકુમાર તિવારી અને (૨) કોમલ અરવિંદ તિવારી (બંન્ને રહે. શાંતિદીપ–૨ ઔડા ગાર્ડન પાસે ન્યુ રાણીપ) એ ભેગા મળી કેનેડાના પી.આર. તથા વર્ક પરમીટ કરી આપવાના હેતુથી તા.૧૪/૧૦/૨૦૨૨ થી તા.૧૪/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ઉસ્માનપુરા ખાતે રહેતા નિસર્ગ સ/ઓ જયેંદ્રભાઈ વ્યાસ નાઓ પાસેથી રૂપિયા ૧૧,૫૦,૦૦૦/– તેમજ તા.૧૪/૦૨/૨૦૨૩ થી તા.૧૪/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વડોદરા ખાતે રહેતા અનિલભાઈ મણિલાલ પ્રજાપતિ નાઓને પાસેથી રૂપિયા ૧૪,૩૦,૦૦૦/– અને માહે જુલાઈ–૨૦૨૪ થી તા.૧૪/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ન્યુ રાણીપ ખાતે રહેતા આનંદ પ્રવિણભાઈ પટેલ નાઓ પાસેથી રૂપિયા ૧૬,૭૭,૦૦૦/– મેળવી લઈ ઉપરોક્ત તમામના કેનેડાના પી.આર.વિઝાનુ કામ નહી કરી આપી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગે ત્રણેય ભોગ બનનાર નાઓએ તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે છેતરપીંડીની ફરીયાદ નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એન.કે.રાવ ચલાવે છે.

**ચાંદખેડાઃ** જીગ્નેશભાઈ જયસુખભાઈ હીરપરા (ઉ.વ.૩૫)(રહે.પલક પેરેડાઈઝ અમર જવાન સર્કલ પાસે નિકોલ) એ તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૧/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી બલરામભાઈ ભાંડ તથા ભાવેશભાઈ ભાંડ (બંને રહે.ઉપવન રેસીડેન્સી, ચાંદખેડા) નાઓએ ભેગામળી જીગ્નેશભાઈ હીરપરાના સોનાના દાગીના ઓછા વ્યાજે ગિરો રાખી ધિરાણ આપી વિશ્વાસમાં લઈ તેમના સોનાના દાગીના કિંમત રૂપિયા ૧૭,૭૪,૦૦૦/– મતાના ગિરો પેટે મેળવી લઈ લોનની પુરી રકમ ભરપાઈ કરવાનુ કહેવા છતા આજદિન સુધી દાગીના પરત નહી આપી જીગ્નેશભાઈ હીરપરા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** દિનેશકુમાર શાંતીલાલ ગાંધી(રહે.દેવદર્શન ટાવર નેહરુનગર સર્કલ)એ તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૬ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઇલ નંબર ૯૩૬૫૫૫૭૬૦૬૮ ના ધારકએ દિનેશકુમાર ગાંધીને અદાણી ગેસ ના નામે મેસેજ કરી "અમારો સપ્લાય કટ થઇ જશે" તેમ જણાવી મોબાઇલ નંબર ૮૬૩૮૭૯૦૩૯૦ ઉપર વાત કરવા જણાવતા દિનેશકુમાર ગાંધીએ વાત કરતા તેઓ અદાણી ગેસ તરફથી બોલતા હોવાનુ જણાવી તેમજ બીલ અપડેટ કરાવવા માટે રૂપિયા ૧૦ ટ્રાન્સફર કરવાનુ જણાવી દિનેશકુમારને એક એ.પી.કે ફાઇલ મોકલી તે ડાઉન લોડ કરાવી, તેમના સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયાના બેંક ખાતાના ડેબીટ કાર્ડ(એ.ટી.એમ)ના નંબર ની વિગતો માંગી દિનેશકુમારના મોબાઇલનો એક્સેસ મેળવી લઇ તેમના બેંક ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૪,૭૨,૭૮૧/- ઉપાડી લઇ દિનેશકુમાર ગાંધી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

**ક્રાઇમબ્રાંચઃ** રિતેષભાઇ કાંતિલાલ શાહ (ઉ.વ.૪૭)(રહે. અરહમ રેજન્સી, કબીરચોક, સાબરમતી)એ તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૪ થી તા.૦૮/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર ન્યુ ક્લોથ માર્કેટ, માળીયુ ખાતે આવેલ રીતેષભાઇ શાહની પેઢી "મેવા ટેક્ષટાઇલ" ખાતેથી આરોપી "ભવ્યા ટેક્ષટાઇલ" ફર્મનાના પ્રોપરાયટર જિગ્નેશ ભાવેશકુમાર વિકાણી તથા પેઢીના કર્તા હર્તા ભાવેશકુમાર વિકાણી (રહે.સુરોહી પાર્ક વિભાગ-૧, સોપાન રેસીડેન્સી પાસે, નિકોલ નરોડા) એ ભેગામળી રીતેષભાઇ શાહ પાસેથી શર્ટનુ કાપડ ખરીદ કરેલ જે કાપડના માલના બાકી લેણા કુલ રૂપિયા ૨૦,૫૮,૨૩૦/- આજદિન સુધી નહી ચુકવી રીતેષભાઇ શાહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.તડવી આર્થિક ગુના નિવારણ શાખા, ક્રાઇમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર ચાદી નં.૧૪૫૪/૨૦૨૬**

**વસ્ત્રાપુરઃ** નિકુલ નૈમેષ શાહ (રહે. ઇન્દ્રપ્રસ્થ ગ્રીન્સ શિખર ટાવર સામે શ્યામલ ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૬ રાતના ૯/૨૫ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર નર્મદા હોટલની બાજુમા ધ ફસ્ટ બિલ્ડીંગ આઇ.ટી.સી "ઇન્ડીસેમીક પ્રા.લી." કંપનીની ઓફીસના ખુલ્લા દરવાજે થી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી ઓફિસમાંથી અલગ-અલગ કંપનીના લેપટોપ કુલ નંગ-૪૭ આશરે કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મતાના ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

**રામોલઃ** મોહમ્મદ હસન મુવીન કુરેશી (ઉ.વ.૨૨)(રહે.શાહેઆલમ ફ્લેટ નુરનગર ગોલ્ડન સીનેમા પાછળ વટવા) એ તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૬ સાંજના ૭/૩૦ થી તા.૦૬/૧૦/૨૦૨૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન રામોલ સી.ટી.એમ "શ્રી એચ.કે ટ્રાવેલ્સ" ની બસમાં મુકેલ મોહમ્મદ હસન કુરેશી નાઓની બેગ કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૦૮,૧૦૦/- ની મતા મુકેલ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.સોલકી ચલાવે છે.

**નારોલઃ** હબીબભાઇ હુસેનભાઇ ઉમડીયા (રહે. મોઇન પાર્ક ચુનારા વાસ પાસે સરખેજ) એ તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હબીબભાઇ ઉમડીયા નાઓ ટ્રાંસપોર્ટનો ધંધો-વેપાર કરતા હોય તેઓના ટ્રક ડ્રાઇવર અફઝલખાન ગુલહસનખાન (રહે. તાજપુર પ્રતાપગઢ રાજગઢ ઉત્તરપ્રદેશ) એ તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ ઇન્દોર શ્રીનાથ કાર્ગો થી અમદાવાદ પીપળજ ખાતે શ્રીનાથ કાર્ગો ઓફીસ સુધી રસ્તામાં ટ્રકમાંથી ચાર પાર્સલ કિંમત રૂપિયા ૧૦,૧૧,૮૩૯/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૪૫૫/૨૦૨૬**

**દરિયાપુરઃ** રઝીન અબ્દુલનદીમ સૈયદ (ઉ.વ.૩૨) (રહે. દાંડિયાવાડ ડબગરવાડ દરિયાપુર) નાઓએ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૬ કલાક ૦૬/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી